# :: પ્રેસનોટ ::

## "સુરત મહાનગરપાલિકા દ્વારા નવરાત્રિ પર્વોત્સવ ઉજવણી નિમિત્તે ફૂડ ફેસ્ટીવલમાં યોજાનાર સ્પર્ધાઓ"

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૦ થી ૧૮ ઓકટોબર ૨૦૧૮ દરમ્યાન નવરાત્રિ પર્વોત્સવ ઉજવણી નિમિત્તે આયોજીત ફૂડ ફેસ્ટીવલમાં યોજાનાર વિવિધ સ્પર્ધાઓ**

સુરત મહાનગરપાલિકા દ્વારા નવરાત્રિ પર્વોત્સવ ઉજવણી નિમિત્તે તા.૧૦/૧૦/૨૦૧૮ થી તા.૧૮/૧૦/૨૦૧૮ દરમ્યાન કૃષ્ણકુંજ (અઠવા) પાર્ટીપ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે આયોજીત ફૂડ ફેસ્ટીવલમાં **તા.૧૨/૧૦/૨૦૧૮ના રોજ શેરી ગરબા સ્પર્ધા તથા તા.૧૭/૧૦/૨૦૧૮ના રોજ આંતરશાળા ગરબા સ્પર્ધા તથા આંતરશાળા રાસ સ્પર્ધા**નું આયોજન સાંજે ૭.૩૦ કલાકે કરવામાં આવેલ છે. આંતરશાળા ગરબા અને રાસ સ્પર્ધામાં સુરત શહેરની શાળાઓ તથા શેરી ગરબા સ્પર્ધામાં સુરત શહેરની મહિલા, સંસ્થાઓની બહેનો, શેરીની બહેનો તથા શિક્ષકવૃંદ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતેથી રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન મળી શકશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ મળી શકશે.

સમાચાર યાદી નં.૪૬૬, તા.૨૪/૦૯/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# સુરત મહાનગરપાલિકા
## શેરી ગરબા સ્પર્ધાનું પ્રવેશપત્ર

૧. સંસ્થા / શેરીનું નામ અને સરનામું :–

૨. સંસ્થા / શેરીના હોદ્દેદાર કે જવાબદાર વ્યકિતનું નામ–સરનામું :–

૩. જવાબદાર વ્યકિતનો મોબાઈલ નંબર / ફોન નંબર :–

શેરી ગરબા સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રવેશફોર્મ સાથે સામેલ નિયમો અમે વાંચ્યા છે, અને તે અમને કબુલમંજુર અને બંધનકર્તા રહેશે અને તે પ્રમાણે વર્તવા બંધાઈએ છીએ.

તા. / /૨૦૧૮. ..................................................

જવાબદાર વ્યકિતની સહી.

........................................................................................................................................

## –: નિયમો :–

સુરત મહાનગરપાલિકા દ્વારા નવરાત્રિ પર્વ નિમિત્તે શેરી ગરબા સ્પર્ધાનું આયોજન તા.૧૨/૧૦/૨૦૧૮ને શુક્રવારના રોજ સાંજે ૭.૩૦ કલાકે કૃષ્ણકુંજ(અઠવા)પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ છે.

૧. શેરી ગરબા સ્પર્ધામાં સંસ્થા / શેરીની મહિલાઓ / શાળાનું શિક્ષકવૃંદ ભાગ લઈ શકશે. શેરી ગરબામાં ભાગ લેનાર બહેનોની વયમર્યાદા ૧૮ વર્ષથી ઉપરની રહેશે.

૨. પ્રત્યેક ગરબામાં ઓછામાં ઓછી ૨૦ અને વધુમાં વધુ ૨૫ બહેનો હોવી જોઈએ અને ગરબાની સમયમર્યાદા ૭ થી ૧૦ મીનીટની રહેશે.

૩. ગરબે ઘૂમતી બહેનો પૈકી ૨(બે) થી ૪(ચાર) બહેનો ગરબો ગવડાવશે અને બાકીની બહેનો પોતાનો ગરબો ઝીલે અને ઝીલાવે એ આવશ્યક છે. એ માટે જુદુ ગાયકવૃંદ રાખી શકાશે નહિ.

૪. રીધમ માટે ફકત ઢોલનો ઉપયોગ થઈ શકશે. ગરબાની શરૂઆતમાં વાદ્ય વાદનને પ્રાધાન્ય ન અપાય તે ઈચ્છનીય છે. ગરબા નૃત્યપ્રધાન ન હોવા જોઈએ, તેમજ તેમાં નાટકીય હાવભાવ પણ અસ્થાને લેખાશે.

૫. ગરબાની રજુઆત માટે ચપટી, મંજીરા, દીવડા, માટલી, માટગાગર અને દાંડીયાનો ઉપયોગ થઈ શકશે.

૬. એક ગરબા મંડળીમાં ભાગ લેનાર બહેનો બીજી મંડળીમાં ભાગ લઈ શકશે નહીં.

૭. ગરબાના પ્રથમ વિજેતાને ₹૫,૦૦૦/–, દ્વિતીય વિજેતાને ₹૩,૦૦૦/–, તૃતીય વિજેતાને ₹૨,૦૦૦/– માનદ વેતન(રોકડ પુરસ્કાર) આપવામાં આવશે.

૮. સ્પર્ધા અંગે નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી ગણાશે, જે અંગે કોઈ વાદ વિવાદ કે તકરાર ચાલશે નહિં. સ્પર્ધા અંગેની તમામ બાબતોમાં મ્યુ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને તમામને માટે બંધનકર્તા રહેશે.

Sd/-xxx
આસી.મ્યુનિ.કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

નોંધ :– ભરેલા પ્રવેશપત્રો સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતે **તા.૧૧/૧૦/૨૦૧૮ સુધી સ્વીકારવામાં આવશે.** વધુ માહિતી માટે સાંસ્કૃતિક વિભાગ(ટે.નં. ૨૪૨૩૭૫૧ થી ૫૬–EXT : 245) પર સંપર્ક કરવો. ભાગ લેનારે તા.૧૨/૧૦/૨૦૧૮ના રોજ કૃષ્ણકુંજ(અઠવા)પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે સમયસર હાજર થવાનું રહેશે.

# સુરત મહાનગરપાલિકા

## આંતરશાળા ગરબા સ્પર્ધાનું પ્રવેશપત્ર

૧. શાળાનું નામ અને સરનામું :–

૨. શાળાના હોદ્દેદાર કે જવાબદાર વ્યકિતનું નામ–સરનામું (ફોન નંબર–મોબાઈલ નંબર સહિત) :–

૩. વાદ્યનું નામ :–

૪. **સ્પર્ધામાં ભાગ લેનાર બાળા/વિદ્યાર્થીઓની યાદી શાળાના લેટરપેડ ઉપર દર્શાવવી.**

આંતરશાળા ગરબા સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રવેશફોર્મ સાથે સામેલ નિયમો અમે વાંચ્યા છે, અને તે અમને કબુલમંજુર અને બંધનકર્તા રહેશે અને તે પ્રમાણે વર્તવા બંધાઈએ છીએ.

તા. / /૨૦૧૮.

..................................................

શાળાના આચાર્યશ્રીના સહી અને સિકકા

---

## –: નિયમો :–

સુરત મહાનગરપાલિકા દ્વારા નવરાત્રિ પર્વ નિમિત્તે આંતરશાળા ગરબા સ્પર્ધાનું આયોજન તા.૧૭/૧૦/૨૦૧૮ને બુધવારના રોજ સાંજે ૭.૦૦ કલાકે કૃષ્ણકુંજ(અઠવા)પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ છે.

૧. આ આંતરશાળા ગરબા સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલ ધો.પ થી ૧૨ની શાળાની વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. આ આંતરશાળા ગરબા સ્પર્ધામાં એક શાળામાંથી એક જ ગૃપ ભાગ લઈ શકશે.

૨. આ સ્પર્ધા માટે અધિકતમ સમય ૮ મિનિટનો રહેશે. જેમાં ૧૬ કલાકારો અને ૪ સહાયકોનો પણ સમાવેશ કરવાનો રહેશે.

૩. ગરબા સાથે સાજ સંગીતમાં વધુમાં વધુ ૪ વાદ્યો ઉપયોગમાં લઈ શકાશે. હાર્મોનિયમનો ઉપયોગ થઈ શકશે. અને તે એક વાદ્ય તરીકે ગણાશે. હાર્મોનિયમ વગાડનાર કલાકારને માઈકથી દુર બેસવાનું રહેશે. જે વાદ્યોનો ઉપયોગ કરવાનો હોય તેનું નામ પ્રવેશફોર્મમાં દર્શાવવું આવશ્યક છે.

૪. **ગરબે ઘૂમતી બહેનો પૈકી ૨(બે) થી ૪(ચાર) બહેનો ગરબો ગવડાવશે અને બાકીની બહેનો પોતાનો ગરબો ઝીલે અને ઝીલાવે એ આવશ્યક છે. એ માટે જુદુ ગાયકવૃંદ રાખી શકાશે નહિ.**

પ. ગરબાની રજુઆત માટે ચપટી, મંજીરા, દીવડા, માટલી, માટગાગર અને દાંડીયાનો ઉપયોગ થઈ શકશે. ગરબા નૃત્યપ્રધાન ન હોવા જોઈએ, તેમજ તેમાં નાટકીય હાવભાવ પણ અસ્થાને લેખાશે.

૬. ગરબાના પ્રથમ વિજેતાને ₹ ૩,૦૦૦/–, દ્વિતીય વિજેતાને ₹ ૨,૦૦૦/–, તૃતીય વિજેતાને ₹ ૧,૦૦૦/– માનદ વેતન(રોકડ પુરસ્કાર) આપવામાં આવશે.

૭. સ્પર્ધા અંગે નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી ગણાશે, જે અંગે કોઈ વાદ વિવાદ કે તકરાર ચાલશે નહિં. સ્પર્ધા અંગેની તમામ બાબતોમાં મ્યુ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને તમામને માટે બંધનકર્તા રહેશે.

Sd/-xxx
આસી.મ્યુનિ.કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

નોંધ :– ભરેલા પ્રવેશપત્રો સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતે **તા.૧૬/૧૦/૨૦૧૮ સુધી સ્વીકારવામાં આવશે.** વધુ માહિતી માટે સાંસ્કૃતિક વિભાગ(ટે.નં. ૨૪૨૩૭૫૧ થી ૫૬–EXT : 245) પર સંપર્ક કરવો. ભાગ લેનારે તા.૧૭/૧૦/૨૦૧૮ના રોજ કૃષ્ણકુંજ(અઠવા)પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે સમયસર હાજર થવાનું રહેશે.

# સુરત મહાનગરપાલિકા
## આંતરશાળા રાસ સ્પર્ધાનું પ્રવેશપત્ર

૧. શાળાનું નામ અને સરનામું :–

૨. શાળાના હોદ્દેદાર કે જવાબદાર વ્યકિતનું નામ–સરનામું (ફોન નંબર–મોબાઈલ નંબર સહિત) :–

૩. **સ્પર્ધામાં ભાગ લેનાર બાળા/વિદ્યાર્થીઓની યાદી શાળાના લેટરપેડ ઉપર દર્શાવવી.**

આંતરશાળા રાસ સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રવેશફોર્મ સાથે સામેલ નિયમો અમે વાંચ્યા છે, અને તે અમને કબુલમંજુર અને બંધનકર્તા રહેશે અને તે પ્રમાણે વર્તવા બંધાઈએ છીએ.

તા. / /૨૦૧૮.

....................................................
શાળાના આચાર્યશ્રીના સહી અને સિકકા

...................................................................................................................................................

## –: નિયમો :–

સુરત મહાનગરપાલિકા દ્વારા નવરાત્રિ પર્વ નિમિત્તે આંતરશાળા રાસ સ્પર્ધાનું આયોજન તા.૧૭/૧૦/૨૦૧૮ને બુધવારના રોજ સાંજે ૮.૦૦ કલાકે કૃષ્ણકુંજ(અઠવા)પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ છે.

૧. આ આંતરશાળા રાસ સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલ ધો.૫ થી ૧૨ની શાળાની વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. આ આંતરશાળા રાસ સ્પર્ધામાં એક શાળામાંથી એક જ ગ્રુપ ભાગ લઈ શકશે.

૨. આ સ્પર્ધા માટે અધિકતમ સમય ૮ મિનિટનો રહેશે. જેમાં ૧૬ કલાકારો અને ૪ સહાયકોનો પણ સમાવેશ કરવાનો રહેશે.

૩. આ સ્પર્ધામાં છોકરાઓ, છોકરીઓ અથવા મિશ્ર રાસની ટુકડી ભાગ લઈ શકશે.

૪. રાસ, દાંડિયા, મંજીરા, કરતાલ સાથે પણ રાસ લઈ શકાશે. વેશભૂષા રાસને અનુરૂપ હોવી આવશ્યક છે.

૫. રાસમાં હાર્મોનિયમનો ઉપયોગ કરી શકાશે. રાસ બહારથી પણ ગવડાવી શકાશે. સીડી પર રજુ થયેલ કૃતિ ઈનામને પાત્ર રહેશે નહિ. ઈલેકટ્રોનિક વાદ્યનો ઉપયોગ કરી શકાશે.

૬. ગરબાના પ્રથમ વિજેતાને ₹ ૩,૦૦૦/–, દ્વિતીય વિજેતાને ₹ ૨,૦૦૦/–, તૃતીય વિજેતાને ₹ ૧,૦૦૦/– માનદ વેતન(રોકડ પુરસ્કાર) આપવામાં આવશે.

૭. સ્પર્ધા અંગે નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી ગણાશે, જે અંગે કોઈ વાદ વિવાદ કે તકરાર ચાલશે નહિં. સ્પર્ધા અંગેની તમામ બાબતોમાં મ્યુ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને તમામને માટે બંધનકર્તા રહેશે.

Sd/-xxx
આસી.મ્યુનિ.કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

નોંધ :– ભરેલા પ્રવેશપત્રો સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતે **તા.૧૬/૧૦/૨૦૧૮ સુધી સ્વીકારવામાં આવશે.** વધુ માહિતી માટે સાંસ્કૃતિક વિભાગ(ટે.નં. ૨૪૨૩૭૫૧ થી ૫૬–EXT : 245) પર સંપર્ક કરવો. ભાગ લેનારે તા.૧૭/૧૦/૨૦૧૮ના રોજ કૃષ્ણકુંજ(અઠવા)પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે સમયસર હાજર થવાનું રહેશે.